# રાષ્ટ્રપતિ પુતિન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ફરીથી ચૂંટણી જીતવા બદલ અભિનંદન પાઠવે છે

જૂન 05, 2024

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને આજે રશિયન ફેડરેશનના પ્રમુખ એચઈ શ્રી વ્લાદિમીર પુતિનનો ફોન કોલ આવ્યો હતો.

રાષ્ટ્રપતિ પુતિને જનરલ ચૂંટણીમાં મળેલી સફળતા માટે વડાપ્રધાનને હાર્દિક અભિનંદન પાઠવ્યા અને ઐતિહાસિક ત્રીજા કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

બંને નેતાઓ ભારત-રશિયા વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને તમામ ક્ષેત્રોમાં વધુ મજબૂત કરવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખવા સંમત થયા હતા.

પ્રધાનમંત્રીએ 2024 દરમિયાન રશિયાની BRICS ની અધ્યક્ષતા માટે રાષ્ટ્રપતિ પુતિનને શુભેચ્છાઓ પાઠવી હતી.

બંને નેતાઓ એકબીજાના સંપર્કમાં રહેવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**

**જૂન 05, 2024**